# GUJARATI

## (Second Language)

***Maximum Marks : 80***

***Time Allowed : Three Hours***

1. *Answers to this Paper must be written on the paper provided separately.*
2. *You will **not** be allowed to write during the first 15 minutes.*
3. *This time is to be spent in reading the question paper.*
4. ***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***
5. *This paper comprises two Sections; **Section A** and **Section B.***
6. *Attempt **all** the questions from **Section A**.*
7. *Attempt **four** questions from **Section B**, answering at least **one** question each from the **two** books you have studied and **any two** other questions from the same books that you have compulsorily chosen.*
8. *The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

***Instruction for the Supervising Examiner***

*Kindly read aloud the instructions given above to all the candidates present in the Examination Hall.*

Downloaded From www.icseboard.org

**SECTION—A (40 Marks)**

*Attempt **all** questions.*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics :— [15]

નીચેના વિષયોમાંથી ગમે તે **એક** વિષય પર **ગુજરાતીમાં** લગભગ **૨૫૦** શબ્દોમાં નિબંધ લખો :—

(i) નારીશિક્ષણનું મહત્ત્વ — આજના સમયમાં નારી - ઘરની બહાર મેળવતી સામાજિક, આર્થિક સધ્ધરતા - તેના જીવનમાં આવતા પડકારો - સંઘર્ષો - સફળતાઓ - ઉપસંહાર.

(ii) 'હાથ ફેલાવો ત્યાં હૈયું હાજર તેનું નામ મિત્ર' - તમારા ખાસ મિત્રનો પરિચય આપી, તેની સાથેનો એક યાદગાર પ્રસંગ નિબંધ રૂપે લખો.

(iii) 'સમય વ્યવસ્થાપનનું (Time management) વિદ્યાર્થી જીવનમાં ખૂબ મહત્વ છે' આ વિધાનની તરફેણ કે વિરૂદ્ધમાં તમારો મત દર્શાવો.

(iv) '......... ને મેં જોયેલ સ્વપ્ન સાચું પડ્યું.' આ વાક્યથી અંત થતી વાર્તા લખો.

(v) સાથે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખો :—



Downloaded From www.icseboard.org

## Question 2

Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below :— [7]

નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર **૧૨૦** શબ્દોમાં ગુજરા**તીમાં** પત્ર લખો :—

(i) આખા વર્ષ દરમિયાન તમારા શિક્ષકે તમને ખૂબ મદદ કરી છે, તેમના માર્ગદર્શન બદલ આભાર માનતો પત્ર લખો.

(ii) શાકભાજી માર્કેટમાંથી પાછા વળતી વખતે તમારા પિતાશ્રીનું બૅંકનું એ.ટી.એમ કાર્ડ ખોવાઈ ગયું છે. તેની વિગતો આપતો, સાથે નવું એ.ટી.એમ. કાર્ડ ત્વરિત મળે તેવી વિનંતી કરતો પત્ર બૅંકના અધિકારીને લખો.

## Question 3

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words :—

નીચેનો પરિચ્છેદ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર **ગુજરાતીમાં** તમારા શબ્દોમાં લખો:—

એક નાનકડી ટેકરી પર એક શ્રીમંત માણસ રહેતો હતો. એનો બંગલો અતિ સુંદર હતો. બગીચો પણ ખુબ સરસ હતો. પણ એક કઠણાઇ હતી. ટેકરી પર પાણીનો કોઈ સ્રોત જ નહોતો. પાણી છેક તળેટીમાં આવેલ કૂવામાંથી લાવવું પડતું. એ કામ એનો એક નોકર કરતો. ખભે કાવડ નાંખી એ બંને તરફ એક એક ઘડો રાખતો. તળેટીમાંથી પાણી ભરીને કાવડ દ્વારા એ ઉપર પહોંચાડતો. રોજ કંઇ કેટલાયે ફેરા કરે ત્યારે એનું કામ પુરું થતું. રોજ વહેલી સવારથી એ કામ શરૂ કરતો ત્યારે છેક બપોર સુધીમાં પાણી ભરી રહેતો. એનો એક તરફનો ઘડો ફૂટેલો હતો. તળેટીમાંથી પાણી ભરીને એ ઉપર સુધી પહોંચે ત્યાં સુધીમાં એ ઘડામાં ભરેલું પાણી અર્ધું થઈ જતું. એના કારણે એને થોડાક ફેરા વધારે કરવા પડતા.

બીજા એક નોકરે આ જોઈને એને એક દિવસ કહ્યું કે, 'ભાઈ ! તું આટલા બધા વધારાના ફેરા કરીને હેરાન થાય છે. એના કરતાં ફૂટેલો ઘડો જ બદલી નાંખને ! આવું ફૂટેલું ઠોબરું શું કામનું ?

Downloaded From www.icseboard.org

એના લીધે તારે વધારે મહેનત કરવી પડે છે. તું આ સમજવા છતાં શું કામ એને ફેંકી નથી દેતો મને તો સમજાતું નથી.'

કાવડવાળો નોકર કંઈ ન બોલ્યો. એણે પેલા નોકરને આ વખતના ફેરામાં પોતાની જોડે આવવા કહ્યું. બંને ઢાળ ઉતરતા હતા ત્યારે પેલા બીજા નોકરે જોયું તો રસ્તાની એક તરફ ખૂબ જ સુંદર ફૂલો ઊગી નીકળ્યાં હતાં. એના કારણે દૂરથી પણ રસ્તો રળિયામણો લાગતો હતો. કાવડવાળા નોકરે કહ્યું, 'ભાઈ ! મને ખબર જ હતી કે આ ઘડો ફૂટેલો છે. પણ એમાંથી ઢોળાતાં પાણીનો ઉપયોગ કરવા માટે રસ્તાની એક તરફ મેં તળેટીથી છેક ઉપર સુધી ફૂલછોડ વાવી દીધા હતા. ફૂટેલો ઘડો એની મેળે જ પાણી પીવડાવવાનું કામ કરી દેતો. ટેકરી પરના રસ્તા પર ખાસ પાણી પીવડાવવા માટે આળસ આવે. એના કરતાં ફૂટેલા ઘડાની ખામીનો ઉપયોગ થઈ શકે તેવો ઉપાય કર્યો. તું જ જો ! કેવા સરસ ફૂલો ઊગી નીકળ્યા છે ને ? આ ફૂલોથી હું આપણા માલિકનું ટેબલ રોજ સવારમાં શણગારું છું. એમને ફૂલો ખૂબ જ ગમે છે અને એનાથી એમનો આખો દિવસ ખૂબ સરસ જાય છે. માલિક ખુશ રહે એનાથી વધારે આપણે બીજું શું જોઈએ?' એટલું કહી એણે પોતાના ફૂટેલા ઘડા તરફ નજર નાખી. એ ઘડો ત્યારે પણ ફૂલોને પાણી પાઈ રહ્યો હતો. બીજો નોકર આશ્ચર્ય સાથે આ જોઈ રહ્યો.

આપણે બધા ફૂટેલા ઘડા જ છીએ. જો ભગવાનને આપણી જાતનો એની ઈચ્છા મુજબ ઉપયોગ કરવા દઈએ તો એ એવો માસ્ટર છે કે આપણા અસ્તિત્ત્વમાં રહેલી ખામીઓની મદદથી પણ સુંદર ફૂલો ભરેલો બગીચો બનાવી જ દેશે !

**પ્રશ્નો:-**

(i) શ્રીમંત માણસનો બંગલો ક્યાં હતો ? ત્યાં કઈ વાતની તકલીફ હતી ? [2]

(ii) નોકરના ફેરા શા માટે વધી જતાં ? [2]

(iii) બીજા નોકરે કાવડવાળા નોકરને શું સમજાવ્યું ? [2]

(iv) કાવડવાળા નોકરે ફૂલો કેવી રીતે ઊગાડ્યાં હતાં ? [2]

(v) આ પરિચ્છેદ દ્વારા આપણને શો બોધ મળે છે ? યોગ્ય શીર્ષક આપો. [2]

Downloaded From www.icseboard.org

### Question 4

Answer the following questions according to the instructions given below :— [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :—

(i) 'ડંકો વગાડવો' - રૂઢિપ્રયોગ માટે યોગ્ય વાક્ય પસંદ કરો.

(a) નવા સરપંચે પાણીની સમસ્યાની ચર્ચા કરી ગામમાં ડંકો વગાડ્યો.

(b) નવા સરપંચે લોકો પાસેથી પાણીની સમસ્યા દૂર કરવા બાબતે પૈસા ઉઘરાવા ગામમાં ડંકો વગાડ્યો.

(c) નવા સરપંચે પાણીની સમસ્યા દૂર કરી ગામમાં પોતાના નામનો ડંકો વગાડ્યો.

(d) નવા સરપંચે પાણીની સમસ્યા અંગે ઉપલા અધિકારીને વાત કરી ગામમાં ડંકો વગાડ્યો.

(ii) 'વા' માટે દ્વિઅર્થ જણાવો :—

(a) મતિ - બુદ્ધિ

(b) તરંગ - પવન

(c) વાત - વાતચીત

(d) અવાજ - ગતિ

(iii) 'દર અડવાડિયે બહાર પડતું પત્ર' શબ્દસમૂહ માટે યોગ્ય શબ્દસમૂહ પસંદ કરો :—

(a) માસિક

(b) પાક્ષિક

(c) અર્ધસાપ્તાહિક

(d) અઠવાડિક

(iv) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો યોગ્ય વિરોધી શબ્દ શોધો.

આજકાલના યુવાનો ______ જીવન ભૂલીને <u>કાલ્પનિક</u> દુનિયામાં જીવે છે.

(a) વાસ્તવિક

(b) અવાસ્તવિક

(c) સવાસ્તવિક

(d) અણવાસ્તવિક



Downloaded From www.icseboard.org

(v) લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલતા બનતું વાક્ય શોધો.

<u>સંન્યાસી</u> ભિક્ષા લેવા ઘર પાસે ઊભો રહ્યો.

(a) સંન્યાસિની ભિક્ષા લેવા ઘર પાસે ઊભો રહ્યો.

(b) સંન્યાસિની ભિક્ષા લેવા ઘર પાસે ઊભી રહી.

(c) સન્યાસણ ભિક્ષા લેવા ઘર પાસે ઊભી રહી.

(d) સન્યાસણી ભિક્ષા લેવા ઘર પાસે ઊભો રહ્યો.

(vi) સાચી જોડણીવાળું વાક્ય શોધી ફરીથી લખો.

(a) એકાગ્રતામાં જ સફળતાનો મંત્ર છે.

(b) એકાગાતામાં જ સફળતાનો મંત્ર છે.

(c) એકાગ્રિતામાં જ સફળતાનો મંત્ર છે.

(d) એકાગૃતામાં જ સફળતાનો મંત્ર છે.

(vii) નીચેના વાક્યનું ભવિષ્યકાળ દર્શાવતું વાક્ય શોધો.

સત્ય હંમેશા અડગ રહે છે.

(a) સત્ય હંમેશા અડગ રહેતું.

(b) સત્ય હંમેશા અડગ રહેશે.

(c) સત્ય હંમેશા અડગ રહેતું હતું.

(d) સત્ય હંમેશા અડગ જ હોય છે.

(viii) સમૂહવાચક નામનો ગુચ્છ પસંદ કરો.

(a) ટોળું, સૈન્ય, ધણ, મેદાન

(b) ટોળું, સારથિ, ધાણ, મેદિની

(c) ટોળું, સૈન્ય, ધણ, મેદની

(d) ટોળું, સૈન્ય, ધાણી, મેઘની

Downloaded From www.icseboard.org

**SECTION—B (40 Marks)**

*Questions from only **two** of the following textbooks are to be answered.*
*Attempt **four** questions from this Section.*
*You must answer at least **one** question from each of the **two** books, you have studied and any **two** other questions from the same books that you have chosen.*

**સાહિત્ય ગુર્જરી - (કવિતા)**
**SAHITYA GURJARI (POEMS)**

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર;
બાદબાકી બૂરાઈની, ભ્રમનો ભાગાકાર"

**'સુભાષિતો'**

**'Subhashito'**

(i) 'શેરી મિત્રો સો મળે,' આ સુભાષિતમાં કયા બે મિત્રોની વાત કરવામાં આવી છે ? વર્ણવો. [2]

(ii) 'ભલે પશ્ચિમ ઊગે સૂર' પંક્તિ દ્વારા કવિ શું કહેવા માંગે છે ? [2]

(iii) કઈ કઈ વાતનો સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરવાનું કહ્યું છે ? આ સુભાષિત દ્વારા કવિ શું કહેવા માંગે છે ? [3]

(iv) 'અંધ એકાંગે પાંગળો, અજ્ઞ સર્વાંગે પાંગળો' તમે મેળવેલા શિક્ષણને આધારે સુભાષિતને જીવનમાં કઈ રીતે ઉતારશો ? [3]

**Question 6**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"સાતમા પરણામ ઓલ્યા મહાત્માને કહેજો રે,
ઢોરનાં કીધાં જેણે મનેખજી;"

**'પરણામ મારા' - રામનારાયણ પાઠક**

**'Paranam Mara' - Ramnarayan Pathak**

(i) કવિ પોતાની માતાને શા માટે પ્રણામ કરે છે ? [2]

(ii) કવિતા મતે ગુરુને કેમ પ્રણામ કરવા જોઈએ ? [2]



Downloaded From www.icseboard.org

(iii) ઉપરની પંક્તિમાં 'મહાત્મા' શબ્દ કોના માટે વપરાયો છે ? કવિ તેમને કેમ પ્રણામ કરે છે ? [3]

(iv) 'સાંઈજી' એટલે શું ? એ દ્વારા કવિ કોને અને કેમ પ્રણામ કરે છે ? આ પંક્તિ કાવ્યના આધારે સમજાવો. [3]

**Question 7**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

"વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;

ભણે નરસૈંયો : એનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે."

**'વૈષ્ણવજન - નરસિંહ મહેતા'**

**'Vaishnavjan' - Narsinh Mehta**

(i) કવિ નરસિંહ મહેતા કયા યુગના કવિ છે ? ગુજરાતી સાહિત્યમાં તેઓ કયા નામથી ઓળખાય છે ? [2]

(ii) માતા ધન્યતા ક્યારે અનુભવે છે ? [2]

(iii) 'સકળ તીરથ તેના તનમાં રે' - એમ કવિ શા માટે કહે છે ? [3]

(iv) વૈષ્ણવજનનાં કયા લક્ષણો તમારામાં છે ? કોઈપણ બે લક્ષણો ઉદાહરણ આપીને સમજાવો. [3]

## સાહિત્ય ગુર્જરી - (ટૂંકીવાર્તાઓ)
## SAHITYA GURJARI (SHORT STORIES)

**Question 8**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

"જ્યારે ઘરનો ખૂણેખૂણો તપાસાઈ ગયો, જે જે જગ્યાએ એ વસ્તુ મુકાઈ ગઈ હોય તે બધી જગ્યાઓ તપાસાઈ ગઈ છતાં પણ ખોવાયેલી ચીજ ન મળી."

**'માજીનો પ્યાલો' - ગુલાબદાસ બ્રોકર**

**'Maji no Pyalo'- Gulabdas Broker**

(i) મણિલાલ ક્યાં જવા તૈયાર થઈ ગયો હતો ? માજીએ ઇશારો કરી તેને કેમ રોક્યો ? [2]

(ii) ઘરના બાળકોનાં નામ જણાવી તેમણે મહત્વના તત્વજ્ઞાનના પ્રશ્નો કયા પૂછ્યાં ? [2]

(iii) ચોર કઈ રીતે સિદ્ધ થયો ? ત્યારબાદ ઘરમાં કઈ રસભરી વાતો થવા લાગી ? [3]

(iv) ચોરાયેલો ચાંદીનો પ્યાલો ક્યાંથી મળ્યો ? તેનું શું કર્યું ? તમને માજીનું પાત્ર કેવુ લાગ્યું ? સકારણ જણાવો. [3]

Downloaded From www.icseboard.org

## Question 9

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"જો પ્રથમથી જ જાણ થાય તો પછી ઝાટકાની જ મેળ થાય; કેમકે પાસવાનો ન સમજી શકે કે આપણે લૌકિક કરવા આવ્યા છીએ."

**'સાદ વરત્યો' - ઝવેરચન્દ મેઘાણી**

**'Sad Vartyo' - Zaverchand Meghani**

(i) આ વાર્તાના લેખકને કોણે, કયું બિરૂદ આપ્યું હતું ? [2]

(ii) ઉપરનું વાક્ય કોણ બોલે છે ? તેમને કઈ વાતની ચિંતા હતી? [2]

(iii) આ વાર્તાના મુખ્ય પાત્રનો વ્યક્તિ-વિશેષ પરિચય આપો. [3]

(iv) 'સાદ વરત્યો' શીર્ષકની યથાર્થતા ચર્ચો. [3]

## Question 10

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"દૂધ ઢળ્યું એટલી જ વાત ! અને ભાઈ ! મેં એને ખોયો. એનો પત્તો ન મળ્યો તે ન મળ્યો. રોઈને બેઠાં રહ્યાં, ભાઈ ! તારી માના દિલમાં પણ, તું સંભાર, ભાઈ, શું નું શું થાતું હશે ! મારી વાત સંભારીને તો હું તને મળવા આવી છું. એટલા માટે, બેટા ! કે મા બાપના શબ્દો કર્કશ હોય છે, પણ દિલ કાંઈ કર્કશ હોય છે ?"

**'પરિવર્તન' - ગૌરીશંકર જોશી**

**'Parivartan'- Gaurishankar Joshi**

(i) કયા કારણોથી, કોની આંખમાં આંસુ આવ્યાં ? [2]

(ii) આ વાર્તાના લેખકનો યુગ જણાવો. કયા કારણથી કિશોરીલાલે ઘર છોડ્યું ? [2]

(iii) 'આ તો જાણે આપણી જ વાત....' આ વાક્ય હરિપ્રસાદભાઈ બોલે છે ત્યારની ક્ષણનું વર્ણન કરો. [3]

(iv) 'પરિવર્તન' વાર્તાનો અંત સવિસ્તાર જણાવો. [3]



Downloaded From www.icseboard.org

## વાંસનો અંકુર - ધીરુબહેન પટેલ

## VANSANO ANKUR - DHIRUBEN PATEL

**Question 11**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

વિમળામાસી માથે હાથ ફેરવતાં હતાં. સારું લાગતું હતું. આમ ને આમ એ હાથ ફેરાવ્યા કરે તો કેશવ ઊંઘી જાય. એ વખત ઊંઘમાં માનું મોં દેખાયું હતું.

(i) કેશવના માસીઓનાં નામ જણાવી, પોતાની મા જેવી કઈ માસી છે ? શા માટે ? [2]

(ii) કેશવને આરામખુરશી પર બેસવાનું ભાગ્ય ક્યારે મળ્યું ? એ ભાગ્ય કેમ ન મળતું ? બેસવાનો અનુભવ કેવો રહ્યો ? [2]

(iii) રમણીકલાલની સુશીલાના લગ્ન વખતે કઈ ઇચ્છા હતી ? સુશીલાએ કયું પગલું ભર્યું ? સુશીલા સાથે કઈ ઘટના ઘટી ? [3]

(iv) મોતીલાલનો નિત્યક્રમ શું હતો ? તે કોની સાથે રહેતો હતો ? કેશવે મોતીલાલને કઈ દિલની વાત જણાવી ? [3]

**Question 12**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"કોક દહાડો મારુંયે શ્રાદ્ધ તારે જ કરવાનું છે કેશવ !"

ના કહેવાનો કોઈ અર્થ નહોતો. કેશવ જરા મલક્યો. પછી બંને જણાનું મૌન એકબીજાના સાન્નિધ્યની હૂંફ માણવા લાગ્યું.

(i) કેશવની માતાનું શ્રાદ્ધ દર વખતે કોણ કરતું હતું ? શા માટે ? મોતીલાલ સાથે તેનો શો સંબંધ હતો ? [2]

(ii) કેશવે કેમ પોતે જ પોતાની માતાનું શ્રાદ્ધ કરવાનો નિર્ણય લીધો ? [2]

(iii) કેશવ શા માટે વાસંતીને મળે છે ? તેણે કઈ બાબતે વાસંતીની મદદ માંગી ? [3]

(iv) 'વાંસનો અંકુર'— આ શીર્ષક કેશવ માટે શું યોગ્ય રીતે વપરાયું છે ? આજના સંદર્ભમાં આ શીર્ષકની યોગ્યતા ચર્ચો. [3]

Downloaded From www.icseboard.org

**Question 13**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

કેશવ હસ્યો. દાગીના તો એની ચીજ ગણાતા હતા ! એની આંખ સામે એ બધા જૂના ઘાટની નરમ પીળી ચમક નાચી ઊઠી.

(i) મોતીલાલ બૅંકમાં શા માટે ગયા હતા ? તેમને કઈ વાતનો સંતોષ હતો ? [2]

(ii) રમણીકલાલને કેશવ મોસાળના વંશનો કેમ લાગે છે ? [2]

(iii) કેશવ મોતીલાલની કેવી જીવનશૈલી જુએ છે ? તેણે મનોમન શું નક્કી કર્યું ? [3]

(iv) કેશવ પોતાના પિતાને કઈ ઇચ્છા જણાવે છે ? મોતીલાલ તેની સ્પષ્ટતા શું કરે છે ? [3]

## એકાંકી ગુર્જરી

## EKANKI GURJARI

**Question 14**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"સાહેબની મહેરબાની કમી થતી જાય છે. છોકરી મોટી, ન્યાત નાની અને વરની અછત, તેમાં મારો શું વાંક ? અથવા બધો વાંક મારો જ કે'ની ? નાનપણમાં રમાડી રમાડીને મેં જ એને મોટી કરીને ?"

**'લગ્નના ઉમેદવાર' - જ્યોતીન્દ્ર દવે**

**'Lagnana Umedwar' - Jyotindra Dave**

(i) પોરી એટલે કોણ ? તે કેટલા વર્ષની થઈ ? તેનું નામ જણાવો ? [2]

(ii) ગિરિજાપ્રસાદે છાપામાં કઈ નોટીસ આપી ? [2]

(iii) ઝુલફિકારખાન કોણ હતો ? તેણે પોતાનો પરિચય કઈ રીતે આપ્યો ? [3]

(iv) ચિઠ્ઠી શા માટે નાખી ? શંકરિયાના બફાટ દ્વારા એકાંકીનો હાસ્યાસ્પદ અંત કઈ રીતે થાય છે ? [3]

Downloaded From www.icseboard.org

**Question 15**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"પ્રધાન પણ સામે પેટે હાથ ફેરવતાં - ફેરવતાં માથું નમાવે. વારાફરથી બધા પ્રધાનો પાસે રાજા જાય...."

**'રાજા લાડુસિંહ' - ડૉ. શિવશંકર જોષી**

**'Raja Ladu Sinh' - Dr. Shiv Shankar Joshi**

(i) રાજાને લાડુ ખાધા પછી શી ટેવ હતી ? એક વખત તેઓ કઈ મુશ્કેલીમાં મુકાઈ ગયા ? [2]

(ii) તેમની મુશ્કેલીના સમાધાન માટે કોને - કોને બોલાવવામાં આવ્યા ? તેમણે શું કર્યું ? [2]

(iii) અંતે રાજાની મુશ્કેલીનું સમાધાન કોણે અને કેવી રીતે કર્યું ? [3]

(iv) તે વ્યક્તિએ ઈનામરૂપે શેની માંગણી કરી ? આ એકાંકીમાં શેનું મહત્ત્વ દર્શાવ્યું છે ? શા માટે ? [3]

**Question 16**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

'અધિકાર : અહીં આવ અને એક વાત સમજ.... તું જીન છે. સફેદ જીન....જીન આવે છે ત્યારે કેવો ખડખડ હસતો હોય છે ! તું તો હસતો પણ નથી.... તને હસતાં આવડતું જ નથી ?'

**'હુકમ, માલિક' - ચિનુ મોદી**

**'Hukum Malik' - Chinu Modi**

(i) 'હુકમ, માલિક' એકાંકીનો જીન શેમાંથી આવતો હોય છે ? તેના દેખાવનું વર્ણન કરો. [2]

(ii) જીન પાસેથી અધિકારને કયા બૂટ મળ્યાં ? આ બૂટ પહેરીને માત્ર ક્યાં ફરી શકતો હતો ? [2]

(iii) અધિકાર જીનને કેવા કેવા પ્રકારનું હાસ્ય કરવાનું કહે છે ? [3]

(iv) અધિકારને ક્યો રોગ લાગુ પડ્યો હોય છે ? એકાંકીના અંતનું દ્રશ્ય તમારા શબ્દોમાં લખો. [3]

Downloaded From www.icseboard.org